હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ભાઈઓ, ગણેશ વિસર્જન વખતે પ્રજાનું ધ્યાન રાખજો... જે પ્રજા દેવોનું પણ વિસર્જન કરી શકે તે પ્રજા માટે સરકારની શું વિસાત...

બોગસ ફાળવણી પત્ર કૌભાંડમાં પોલીસની ઢીલી તપાસ

મુખ્ય સૂત્રધારે આગોતરા જામીન અરજી મુકી : ગુનો બન્યો તેના પ્રથમ દિવસથી જ આરોપીનું નામ ખુલ્યું હોવા છતાં પોલીસે આરોપીને ભાગવાનો મોકો આપ્યો

ગાંધીનગર, તા. ૨૩

પાટનગર સહિત રાજયભરમાં ચકચાર મચાવી દેનાર બોગસ ફાળવણી પત્ર કૌભાંડમાં પોલીસની ઢીલી તપાસ સામે આવી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળનુ જુનિ.ક્લાર્કનુ વેઈટિંગ લિસ્ટ ઓપરેટ થયા બાદ અલગ અલગ જિલ્લાઓમાંથી કેટલાક બોગસ ઉમેદવારો મંડળના બોગસ ફાળવણી પત્ર લઈને અલગ અલગ કચેરીઓમાં હાજર થવા પહોંચી ગયા હતા અને સમગ્ર કૌભાંડ મામલો બહાર આવ્યો. ઘટ ગુનો દાખલ થયો તેના પ્રથમ દિવસથી જ મુખ્ય સૂત્રધાર સહિત કૌભાંડ આચરનાર આકાઓના નામ ખુલી ગયા હતા તેમ છતાં પોલીસે તમને ભાગવાનો મોકો આપતા અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ મુખ્ય સૂત્રધારે કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં જૂનિયર ક્લાર્કનુ વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવામાં આવ્યું હતું. અલગ અલગ વિભાગોમાં ગૌણ સેવા પસંદગી મંડળના બોગસ ફાળવણી પત્રો લઈને કેટલાક બોગસ ઉમેદવારો હાજર થવા પહોંચી ગયા હતા. કચેરીમાં ફાળવણી પત્ર વેરીફાઈ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો અને મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. સેક્ટર-૭ પોલીસે ૩૦ જેટલા ફાળવણી પત્રો સાથે નવ ઉમેદવારો ને પકડી પાડીને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સઘન પૂછપરછ શરૂ કરી હતી. બોગસ ફાળવણી પત્ર સાથે પકડાયેલા ઉમેદવારોની પૂછપરછમાં ગુનાના પ્રથમ દિવસથી જ મુખ્ય સૂત્રધાર મહિલા સરોજબા સહિત પાંચ સૂત્રધારોના નામ ખુલ્યા હતા. આ ગુનો દાખલ થયેલા દિવસો વીતી ગયા તેમ છતાં હજુ સુધી મુખ્ય સૂત્રધારો પોલીસની પકડની બહાર છે. પંદર પંદર લાખ રૂપિયા લઈને બોગસ ફાળવણી પત્ર બનાવી આપ્યા હોવાનું ખુલવા પામ્યું છે અને પકડાયેલા નવ ઉમેદવારો તો માત્ર શિન્ડે ચડેલા ઉમેદવાર હતા. સંખ્યાબંધ ઉમેદવારો પાસેથી લાખોના ઉઘરાણા થયા હોવાની ચર્ચા છે. એક તરફ મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા માટે પોલીસના હાથ ટૂંકા પડે છે તો બીજી તરફ મુખ્ય સૂત્રધાર સરોજબાએ આગોતરા જામીન અરજી મુકી હોવાનું પણ જાણવા મળ્યું છે.

ગાંધીનગરના જૈન સંઘ દ્વારા વાર્ષિક કર્તવ્ય શ્રી ચૈત્ય પરિપાટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટર-૨૨ના જૈન દેરાસરથી સેકટર-૭ના જૈન દેરાસર સુધી સકળ સંઘના સભ્યો પગપાળા ચાલતા જોડાયા હતા.

આજે મહાનગરપાલીકાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક આજે બોલાવવામાં આવી છે. સ્થાયી સમિતિના ખંડમાં બપોરે ૩ વાગે આ બેઠક મળશે. જેમાં ૨૦૧૮/૧૯માં અંદાજપત્રમાં વિકાસના કામો માટે કરાયેલી જુદી જુદી જોગવાઈઓની સમીક્ષા હાથ ધરવામાં આવશે.

આ બેઠકમાં શહેરમાં રખડતા પશુઓની સમસ્યાના ઉકેલ માટે ખાસ ચિંતન કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઢોર પકડ પાર્ટીને પોલીસ બંદોબસ્ત આપવાની માંગણી અંગે પણ ચર્ચાઓ થશે. છેલ્લા બે મહિનાથી જુદા જુદા સરકારી કાર્યક્રમોને કારણે પોલીસ બંદોબસ્ત આ ટીમને મળી શક્યો નથી. તેથી આ બેઠકમાં પુનઃ પોલીસ બંદોબસ્ત માટે માંગણી કરાશે તેમ મનાઈ રહ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા છેલ્લા છ મહિનામાં આ ત્રીજી વખત વિકાસ કામોની સમીક્ષા તેમજ ઢોરપકડ પાર્ટીની કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી રહી છે.

સરખેજ-ગાંધીનગર-ચિલોડા નેશનલ હાઈવેના છ માર્ગીકરણ કામોનું આજે ખાતમુહૂર્ત

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના પાટનગર ગાંધીનગરના હાર્દસમા સરખેજ-ગાંધીનગર-ચિલોડા માર્ગના છ માર્ગીકરણના કામોનો ખાતમુહૂર્ત કાર્યક્રમ આવતીકાલ તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૮ને સોમવારના રોજ યોજાશે.

સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સોલા, એસ.જી.હાઈવે ખાતે સવારે ૯.૩૦ કલાકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ સમારોહ યોજાશે. આ વેળાએ કેન્દ્રીય માર્ગ-પરિવહન રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયા, રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસૂલમંત્રી કૌશિકભાઈ પટેલ, ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ ખાસ ઉપસ્થિત રહેશે. સરખેજ-ગાંધીનગર-ચિલોડા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૧૪૭નું રૂપિયા ૮૬૭ કરોડના ખર્ચે છ માર્ગીકરણ કરાશે. જેમાં ફલાય ઓવર્સ અને એલિવેટેડ કોરિડોરના કામો હાથ ધરવામાં આવશે એમ માર્ગ મકાન વિભાગના સચિવ એસ.બી. વસાવા દ્વારા જણાવાયું છે.

માટીના ઈકો-ફ્રેન્ડલી ગણેશનું ઘરે જ વિસર્જન!!

શહેરમાં આજે સંપન્ન થયેલ ગણેશોત્સવમાં અનેક શ્રધ્ધાળુઓએ ગણેશજીની માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કર્યું હતું અને ઉત્સવના સમાપને તેનું પોતાના ઘરમાં જ વિસર્જન પણ કર્યું હતું. સેકટર-૭માં રહેતી ફાર્મા વિદ્યાર્થીની શિવાની ત્રિવેદીએ પણ પોતાના ઘરે સ્થાપિત માટીના ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિનું ઘરે જ વિસર્જન કરી તેની માટીનો ઘરના તુલસી ક્યારામાં વિસર્જન કરી જતનનો સંદેશ પાઠવ્યો હતો.

અખંડ ભજન રાત્રી : શહેરની જાણીતી કલા સંસ્થા કલા ગુર્જરી અને ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે અનોખો અખંડ ભજન રાત્રીનો કાર્યક્રમ યોજાયો હતો. ગણપતિ પૂજનથી પ્રભાંતિયા સુધીના વૈવિધ્ય રાગ અને શૈલીમાં ગવાતા ભજનોની વણઝાર લોકપ્રિય ગાયક કલાકારોના કંઠે પ્રસ્તુત કરાઈ હતી. જાણીતા ભજનિકો સર્વે શ્રી હેમંત ચૌહાણ, પ્રફુલ્લ દવે, કલ્યાણદાસ મેસવાણિયા, શ્રીમતિ ભારતીબેન વ્યાસે એક એક ચઢિયાતા ભજનો રજૂ કરી સમગ્ર માહોલ ભાવભક્તિસભર બનાવ્યો હતો. કલારસિકો મોટી સંખ્યામાં ભજન માણવા ઉમટ્યા હતા. ડૉ. દલપત પઢિયાર અને ડૉ. નિરંજન રાજ્યગુરુના ખૂબ જ ભાવપૂર્ણ સંચાલન દ્વારા સૌ ભજનમાં એક-મેક બની ગયા હતા. ચારે ભજનિકોએ મધ્યરાત્રીએ આરતીનું સામૂહિક ગાન કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. અને આરતી બાદ ઉપસ્થિત કલારસિકોને મહાપ્રસાદ પીરસાયો હતો. દિવસ દરમિયાન ભજન પંરપરાની કાર્યશાળા પણ યોજાઈ હતી. જેમાં ડૉ. દલપત પઢિયાર, વી. એસ. ગઢવી, ડૉ. નિરંજન રાજ્યગુરુ અને નાથાભાઈ ગોહિલે ભજનના વિવિધ પ્રકારો અને શૈલીનું ઝીણવટપૂર્વક રસદર્શન કરાવ્યું હતું.

પ્રીટી વિમેન્સ કલબ દ્વારા બે દિવસીય પ્રદર્શન યોજાયું

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ ઉમિયા માતાજી સંસ્થાન ખાતે બે દિવસીય પ્રીટી વિમેન્સ કલબ દ્વારા નવરાત્રીને અનુલક્ષી વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણનું આયોજન કર્યું હતું. જેમાં સંપૂર્ણ પણે મહિલાઓ દ્વારા સંચાલિત પ્રદર્શન કમ સેલમાં બહેનો દ્વારા તૈયાર કરાયેલી ડિઝાઈનર ચણીયા-ચોળી, જવેલરી, કીચન એસેસરીઝ, હોમ મેઈડ સાબુ, હેર ઓઈલ, હેન્ડીક્રાફટ આઈટમ, ડીઝાઈનર ડ્રેસ, અને વેસ્ટર્ન કુર્તી, આઉટફીટ, ટેરો કાર્ડ રીડીંગ, વાસ્તુ શાસ્ત્ર, જેવા ૫૦ થી વધુ સ્ટોલનો લાભ શહેરના ભાઈ બહેનોએ લીધો હતો. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન તરીકે બી.કે.કૈલાસ દીદી અને સ્મિતાબેન કૃષ્ણકાંત જહા ખાસ ઉપસ્થિત રહેતા પ્રિટી વિમેન્સ કલબ દ્વારા આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો પ્રારંભ

આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું દીપ પ્રગટાવી ઉદઘાટન કર્યા બાદ જળ સંપતિ અને પાણી પુરવઠા તથા ગાંધીનગર જિલ્લા પ્રભારીમંત્રી પરબતભાઈ પટેલે જણાવ્યું હતુ કે આયુષ્યમાન ભારત યોજના દ્વારા ૪૪ લાખથી વધુ પરિવારનાં ૨.૨૫ કરોડ નાગરિકોને સામાન્યથી માંડીને ગંભીર બિમારી સહિત તમામ પ્રકારની સારવાર ૧૦૦ ટકા સરકારી ખર્ચે ઉપલબ્ધ થશે. દેશનાં ગરીબ અને મધ્યમ વર્ગનાં નાગરીકો માટે પરિવાર દીઠ વાર્ષક રૂ. પાંચ લાખ સુધીની તબીબી સારવાર સુવીધા આ યોજનાથી ઉપલબ્ધ થઈ છે.

ગાંધીનગર જિલ્લાનાં શહેરી વિસ્તારો સહિત કુલ ૮૨૪૧૦ લાભાર્થી પરિવારોને રૂ. પાંચ લાખ

સુધીનું આરોગ્ય સુરક્ષા છત્ર પૂરૂ પાડનારી દેશની મહત્વપૂર્ણ જન આરોગ્ય સુવિધાનો આજથી વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડનાં રાંચીથી પ્રારંભ કર્યો છે.

રાજય સરકારે મા અમૃતમ વાતસલ્ય યોજનાના રૂ. ત્રણ લાખ સુધીનાં આરોગ્ય કવચ માટે અમલી કરી છે. માર્ગ અકસ્માતનાં કિસ્સામાં કોઈ પણ નાગરિકને તાત્કાલિક સારવાર મળે તેમાટે રૂ. ૫૦ હજારની સહાય રાજય સરકાર આપે છે. રાજયમાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં સુવીધાઓ વધારીને આરોગ્યક્ષેત્રે નોંધપાત્ર સેવાઓમાં વધારો કર્યો છે.

વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનું લોકાર્પણ અને પ્રસારણ ગાંધીનગર જિલ્લાની વિશાળ સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓએ સાંભળ્યું હતુ. મંત્રી પરબતભાઈ પટેલનાં હસ્તે આયુષ્માન ભારતનાં દસ લાભાર્થીઓને પ્રતીક રૂપે ગોલ્ડન કાર્ડ આપવામાં આવ્યા હતા.

મોબાઈલ ફોનનો વપરાશ વધતાં ટેલીફોનને બાય-બાય : મંત્રીઓના ટેલીફોન બીલ અડધા

ગુજરાતનું જાહેર દેવું ૨.૧૭ લાખ કરોડ; પાંચ વર્ષમાં ૭૦,૦૦૦ કરોડ વ્યાજ ભર્યું છે

એક સમય હતો જ્યારે મંત્રીમંડળના સભ્યોના ટેલીફોનનો ખર્ચ ખૂબ ઉંચો આવતો હતો. એ સમયે મોબાઈલ ન હતા, માત્ર લેન્ડલાઈન ફોન અસ્તિત્વ ધરાવતા હતા. આજે જ્યારે મોબાઈલ યુગ ચાલી રહ્યો છે અને વિવિધ કંપનીઓ ૫૦૦ રૂપિયાની અંદર ત્રણ ત્રણ મહિના સુધીના ડેટા આપી રહી છે ત્યારે ગુજરાતના મંત્રીમંડળના સભ્યોના ટેલીફોન ખર્ચ ઘટ્યા છે. ગુજરાત સરકાર સૌથી મોંઘી વોડાફોનની સર્વિસ લઈ રહી છે. મોબાઈલના યુગમાં પણ મુખ્યમંત્રી અને મંત્રીમંડળના નિવાસસ્થાને લેન્ડલાઈન ટેલીફોન યથાવત છે. જો કે સરકાર માટે મોબાઈલ હોવા છતાં આ સાધન જરૂરી છે તે સમજી શકાય તેમ છે. ગુજરાત સરકારની કેબિનેટનું ટેલીફોન બીલ ૨૦૧૩-૧૪માં સાત લાખની આસપાસ હતું જે ઘટીને ૨૦૧૭-૧૮માં ત્રણ લાખ થયું છે. એટલે કે સરકારમાં પણ ટેલીફોનનો

પેટ્રોલ, ડીઝલ, PNG, CNGમાં રાજ્યની પાંચ વર્ષની આવક ૬૦,૦૦૦ કરોડ રૂપિયા

વપરાશ મર્યાદિત થઈ ગયો છે. સરકાર અને ગુજરાતની જનતા માટે આ સારી બાબત છે.

પેટ્રોલ-ડીઝલના ભાવની બૂમ કેમ પડે છે, જુઓ...

જેનો રાજા વેપારી તેની પ્રજા ભિખારી.. આ ઉક્તિ મહાઅમાત્ય ચાણક્યએ ઉચ્ચારી છે. આ ઉક્તિ પ્રમાણે રાજા એટલે કે સરકાર માલામાલ બનતી જાય છે પરંતુ તેની પ્રજા ભિખારી બની રહી છે. ગુજરાતમાં હાલની સ્થિતિએ પેટ્રોલ અને ડીઝલ ઉપર ૨૦ ટકા વેટ અને ચાર ટકા સેસ છે જ્યારે સીએનજી અને પીએનજીમાં ૧૫ ટકા વેટ છે. છેલ્લા એક વર્ષ એટલે કે ૨૦૧૭-૧૮માં સરકારની આવકમાં મોટો વિક્રમ નોંધાયો છે. સરકારે પેટ્રોલ ઉપર વેટ અને સેસમાંથી ૩૯૯૧.૨૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે જ્યારે ડીઝલ પર વેટ અને સેસમાંથી ૮૮૮૩.૬૩ કરોડની કમાણી કરી છે. સીએનજીમાં સરકારને એક વર્ષમાં ૪૯૯.૯૧ કરોડ અને પીએનજીમાં ૧૩૨૮.૭૭ કરોડ રૂપિયા મળ્યા છે. આ તમામનો સરવાળો કરીએ તો ૧૪૭૦૩ કરોડની આવક મળી છે. જો છેલ્લા પાંચ વર્ષનું સરવૈયુ કરવામાં આવે તો ગુજરાતની જનતા પાસેથી સરકારે પેટ્રોલ, ડીઝલ, પીએનજી અને સીએનજીમાં ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની આવક પ્રાપ્ત કરી લોકોને ભિખારી બનાવી દીધાં છે.

IAS ઓફિસરોની ઘટનો આંકડો મોટો છે...

ગુજરાત સરકારમા આઈએએસ ઓફિસરોની સંખ્યા એક સમયે હાઉસફુલ હતી. મહેકમ સામે ભરતીનો રેશિયો જળવાઈ રહ્યો હતો, પરંતુ આજે આઈએએસ અધિકારીઓની ઘટ મહેસૂસ થાય છે. ભારત સરકારે ગુજરાત માટે ૨૯૭ જગ્યાઓ મંજૂર કરી છે જેની સામે હાલ ૨૪થી વધુ આઈએએસ ઓફિસરો ડેપ્યુટેશન પર દિલ્હી અને અન્ય જગ્યાઓએ કામ કરી રહ્યાં છે. રાજ્યના સામાન્ય વહીવટ વિભાગના આંકડા પ્રમાણે ગુજરાતમાં આજની સ્થિતિએ ૫૩ આઈએએસ અધિકારીઓની ઘટ છે. ડેપ્યુટેશન પર ગયેલા ઓફિસરો પાછા આવે તો પણ આ ઘટ પૂરી શકાય તેમ નથી. ઘટનો આંકડો ડેપ્યુટેશન પર ગયેલા ઓફિસરોની સરખામણીએ ડબલ છે.

ગીરની ગાયો ભારત દર્શન પર નિકળી છે...

ગુજરાતની ગીરની ગાયો જાણે કે ભારત દર્શન માટે નિકળી છે. ગુજરાતની ગાયો વિદેશોમાં તો જાય છે પરંતુ સાથે સાથે દેશના અન્ય રાજ્યોમાં પણ જાય છે. ૨૦૧૬માં ગુજરાતના પાંચ જિલ્લા ભાવનગર, બોટાદ, રાજકોટ, વડોદરા અને જૂનાગઢની ગીરની ૪૦ ગાયો હાલ દેશના રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, છત્તીસગઢ, તામિલનાડુ અને મધ્યપ્રદેશમાં વસવાટ કરે છે. રાજ્ય સરકારે ગાયોની નિકાસ કરવાની પરવાનગી આપી છે. એવી જ રીતે ૨૦૧૭માં ગીરની ૯૫ ગાયો વડોદરા, ભરૂચ, ભાવનગર અને અમદાવાદથી સીધી મધ્યપ્રદેશ, કર્ણાટકા અને રાજસ્થાન ગઈ છે. આટલી ગાયોની નિકાસ કરવા સરકારે પરમિશન આપી છે પરંતુ ગાયોની ગેરકાયદે નિકાસ માટે સખ્ત સજાની જોગવાઈ પણ છે. ગુજરાતની મોટાભાગની ગાયો ભાજપ શાસિત રાજ્યોમાં નિકાસ થયેલી છે એ એક અચરજ પમાડે તેવી બાબત છે.



દેવું કરીને ઘી પીવું તે આનું નામ...

ગુજરાત સરકાર દેવું કરીને વિકાસ કરે છે. આ દેવાની રકમ વધીને ૨.૧૭ લાખ કરોડ રૂપિયા થઈ છે જે માર્ચ ૨૦૧૯ સુધીમાં ત્રણ લાખ કરોડના આંકડાને પણ વટાવી શકે છે. એનો મતલબ એ થયો કે ગુજરાતના વાર્ષિક બજેટ કરતાં પણ દેવાની રકમ વધારે છે. આ દેવા સામે ગુજરાત સરકારે નાણાં ધીરનારી આર્થિક સંસ્થાઓને પાંચ વર્ષમાં કુલ ૭૦,૦૦૦ કરોડનું વ્યાજ ચૂકવ્યું છે. સરકારના સત્તાવાર અહેવાલ પ્રમાણે દેવાની સામે વ્યાજની રકમ વધતી જાય છે. રાજ્ય સરકારે માર્ચ ૨૦૧૩ના અંતે ૧૨૦૦૦ દેવું ચૂકવ્યું હતુ તે રકમ માર્ચ ૨૦૧૭ના અંતે વધીને ૧૬૦૦૦ કરોડ થઈ છે અને હવે માર્ચ ૨૦૧૮માં સરકારે ૧૭૧૦૦ કરોડનું દેવું ચૂકવ્યું છે. દેવાની રકમ વર્ષે સરેરાશ ૧૬૦૦૦ થી ૧૭૦૦૦ કરોડ સુધી પહોંચી છે, આમ છતાં સરકારનો દાવો છે કે ગુજરાતની આસ્થિક સ્થિતિ સદ્ધર છે. દેવું કરીને રૂપિયા લાવવામાં આવે તો તેને સદ્ધરતા કેમ કહેવાય તે નવાઈ પમાડે તેવી બાબત છે.

કહેવાય સીસીટીવી પણ ફુટેજ તો મળતા નથી...

ગુજરાતમાં જાહેર સ્થળોએ સીસીટીવી કેમેરા ગોઠવવાની સૂચના આપવામાં આવેલી છે પરંતુ તેમાંથી કેટલા બંધ છે તેના આંકડા પણ ચોંકાવનારા છે. સરકારે તમામ પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા મૂકવાના આદેશ કર્યા હતા અને રાજ્યના ૫૫૦ જેટલા પોલીસ સ્ટેશનમાં સીસીટીવી કેમેરા મૂકવામાં આવેલા છે. રાજ્યવાર બંધ કેમેરાની વિગતો જોઈએ તો અમદાવાદ ગ્રામ્યના ૩૩ કેમેરા બંધ છે. આણંદના ૨૨, ગીર સોમનાથના ૨૩, છોટાઉદેપુરના ૩૪, જૂનાગઢના ૫૮, દાહોદના ૩૪, દેવભૂમી દ્વારકાના ૨૯, પોરબંદરના ૫૬, ભરૂચના ૨૬, મહેસાણાના ૨૭, સુરેન્દ્રનગરના ૬૪, રાજકોટ ગ્રામ્યના ૫૯, સુરત શહેરના ૩૫ અને સુરત ગ્રામ્યના ૧૨ કેમેરા બંધ છે. રાજ્યના તમામ જિલ્લામાં ઓછા વધતા પ્રમાણમાં કેમેરા બંધ છે. ગુનાઓ અટકાવવા અને ગુનેગારોને પકડવા માટે સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવે છે પરંતુ રાજ્યના પોલીસ સ્ટેશનમાં અંદાજે ૮૦૦થી વધારે સીસીટીવી કેમેરા બંધ પડ્યા છે. જલસા કરો ભાઈ.. સરકારે એજન્સીઓને કેમેરા ફીટ કરવા માટેના રૂપિયા તો આપી દીધા છે પરંતુ બંધ કેમેરા આ એજન્સીઓ ક્યારે ચાલુ કરશે તે નિશ્ચિત નથી.

ખર્ચની દ્રષ્ટિએ હેલિકોપ્ટર કરતાં પ્લેન સારૂં...

ઘાટ કરતાં ઘડામણ વધુ મોંઘું પડે છે તે ઉક્તિ રાજ્ય સરકારને ફીટ બેસે છે. ગુજરાત સરકાર પાસે પ્લેન અને હેલિકોપ્ટર એમ બે હવાઈ સર્વિસ છે. નેતાઓ અને મહાનુભાવોની સરભરા માટે હેલિકોપ્ટર કરતાં પ્લેન સારૂં ગણી શકાય છે, કેમ કે પ્લેનના ઉડાનમાં હેલિકોપ્ટર જેવું જોખમ હોતું નથી. ભારતના છ સિનિયર નેતાઓના હેલિકોપ્ટરની ઉડાનમાં મોત થયાં છે જેમાં કેટલાક મુખ્યમંત્રીઓનો પણ સમાવેશ થાય છે. ગુજરાત સરકાર પાસે નાનકડું પ્લેન અને હેલિકોપ્ટર બન્ને છે. સરકારે હેલિકોપ્ટર તો બદલ્યું છે પરંતુ પ્લેન બદલ્યું નથી. આ બન્ને હવાઈ વાહનોનું મેઈન્ટેનન્સ કરાવવું પડે છે. રાજ્ય સરકારે આ બન્ને વાહનોની મરામત અને ઉડાન સ્ટાફ માટે પાંચ વર્ષમાં ૨૪ કરોડનો ખર્ચ કર્યો છે. સરકારના પ્લેનની નિભાવણી

ગુજરાતના જેટલા IAS ઓફિસરો ડેપ્યુટેશન ઉપર છે તેનાથી બમણી તો અછત છે ...

હેલિકોપ્ટર કરતાં સસ્તી છે કેમ કે સરકારે છેલ્લા પાંચ વર્ષમાં પ્લેન પાછળ ૧૦.૫૦ કરોડનો ખર્ચ કર્યો છે જ્યારે હેલિકોપ્ટર પાછળ ૧૩.૨૫ કરોડનો ખર્ચ થયો છે. વર્ષ ૨૦૧૭-૧૮નો આંકડો જોઈએ તો સરકારે પ્લેનની મરામત અને સ્ટાફ પાછળ ૨.૨૨ કરોડનો ખર્ચ કર્યો છે જ્યારે હેલિકોપ્ટર પાછળ ૩.૨૩ કરોડનો જંગી ખર્ચ થયો છે.

કહેવાય સરપ્લસ પણ વીજળી આવે છે ક્યાંથી...

ગુજરાત વીજળીના ઉત્પાદનમાં સરપ્લસ હોવાનો સરકાર દાવો કરે છે પરંતુ આ વીજળી આવે છે ક્યાંથી

આભાર - નિહારીકા રવિયા તેની તપાસ કરવામાં આવે તો ખાનગી વીજળી ખરીદીના આંકડા મોટા થતા જાય છે. ખાનગી વીજળીના ભાવ પણ જાલીમ છે તે ચૂકવીને ગુજરાતની જનતાને સરકાર મોંઘાભાવની વીજળી વિતરણ કરે છે. ગુજરાત સરકાર સીએલપી ઈન્ડિયા પાસેથી ૪.૬૫ રૂપિયે યુનિટ વીજળી ખરીદે છે. આટલી મોંઘી વીજળી ખરીદવાનું કોઈ લોજીક બેસતું નથી. એ ઉપરાંત સરકારે અદાણી પાવર પાસેથી ૩.૦૫ રૂપિયે, એસ્સાર પાવર પાસેથી ૩.૩૬ રૂપિયે, એસબીસી ઈન્ડિયા પાસેથી ૨.૨૪ રૂપિયે તેમજ કોસ્ટલ ગુજરાત પાવર પાસેથી ૨.૬૨ રૂપિયે વીજળી ખરીદી છે. આટલી મોંઘી વીજળી ખરીદીને સરકાર લોકોને ઉંચાદામે પધરાવે છે એટલું નહીં દેશના ૧૫ રાજ્યોને વીજળી વેચે છે પણ ખરી... સૌથી વધુ ૫.૧૫ રૂપિયે યુનિટનો ભાવ ગુજરાતે તામિલનાડુ માટે ભર્યો છે. એનો મતલબ એ થયો કે ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી ઉંચા ભાવે વીજળી લઈને ગુજરાત તેના ગ્રાહકોને તેમજ અન્ય રાજ્યોને ઉંચા દામે વેચી નફો કમાય છે.